| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૧/૦૪/૨૦૧૬ | | |
| રજીસ્ટર તારીખ | : | ૨૧/૦૪/૨૦૧૬ | | |
| ફેંસલ તારીખ | : | **૦૩/૦૪/૨૦૨૧** | | |
| સમય ગાળો | | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | **૦૪** | **૧૧** | **૧૩** |

**મહે.બનાસકાંઠા જિલ્લાના છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ**
**શ્રી આર.પી. મોગેરા સાહેબની કોર્ટમાં,**
**મુકામ પાલનપુર**

**<u>સેસન્સ કેસ નં. ૧૯/૨૦૧૬</u>**

**આંક.**

**<u>ફરીયાદી</u>** **:-** **શ્રી સરકાર**

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી</u>** **:-** **૧. ભીમાભાઈ કુલાભાઈ પરમાર**
ઉ.વ. ૨૨, ધંધો – ખેતી,
રહે. વીરમવેરી, તા. દાંતા

**૨. નાનજીભાઈ ગોવાભાઈ પરમાર**
ઉ.વ. ૧૮, ધંધો – ખેતી,
રહે. વીરમવેરી, તા. દાંતા

**તહોમત :-** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨,૩૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ.</u>**

**<u>અંબાજી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર – ૧/૨૦૧૬</u>**

પ્રોસીકયુશન તરફે વિ. એ.પી.પી. **શ્રી એન.એમ. જોષી**
આરોપીઓ તરફે વિ. વકીલ **શ્રી આર.આર. પરમાર**

## :: ઠ રા વ ::

(૧) આ કામના આરોપીઓ તા. ૧૪/૦૧/૨૦૧૬ ના રોજ કલાક ૧૮–૦૦ વાગ્યાના સુમારે અંબાજી બજારમાં તાલુકા પંચાયત નજીક જતા હતા દરમ્યાન મરણજનાર તેઓને અથડાતાં, અથડાવા સંબંધે બોલચાલ થતાં, બંન્ને આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ આરોપી નં. ૨ નાએ મરનાર રમેશભાઈને પકડી રાખેલ અને આરોપી નં. ૧ નાએ પોતાની પાસેની ધારદાર છરી મરનાર રમેશભાઈને છાતીના ભાગે મારી ઈજા કરી મોત નિપજાવતાં, આરોપીઓ વિરૂઘ્ધ અંબાજી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી. નં. ૧/૨૦૧૬, ઈ.પી.કોડની કલમ– ૩૦૨,૩૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલ.

(૨) ફરિયાદની ટુકમાં હકીકત મુજબ, ફરિયાદી અરજણભાઈ જલાભાઈ કોદરવી (આદીવાસી), રહે. સરહદ છાપરી, તા. દાંતા નાઓએ તા. ૧૫/૦૧/૨૦૧૬ ના રોજ પી.આઈ. શ્રી અંબાજી પો.સ્ટે. રૂબરૂ પોતાની ફરિયાદ હકીકત જાહેર કરેલ કે, તા. ૧૪/૦૧/૨૦૧૬ ના સવારથી ફરિયાદીનો છોકરો રમેશ અંબાજી ગામે મજુરીએ ગયેલો અને સાંજના ઘરે ના આવતાં, ફરિયાદી તેને અંબાજી શોધવા ગયેલા તો વાતોવાતથી જાણેલું કે, આદિવાસી છોકરા ઝઘડેલા છે તેમાં એક છોકરાને વઘુ વાગતાં અંબાજી સીવીલમાં સારવાર માટે લઈ ગયેલ છે. જેથી ફરિયાદી તપાસ કરવા અંબાજી સીવીલમાં ગયેલ તે વખતે જાણેલું કે સારવાર માટે લાવેલ છોકરા રમેશની લાશ હતી અને તેના શરીરે જોતાં છાતીના ડાબા ભાગે કોઈ અણી વાળા હથિયારનો ઘા હતો અને પુષ્કળ લોહી નીકળેલ હતું. ફરિયાદીને તેમના છોકરા

રમેશને કોણે માર માર્યો તેની ખબર નથી કે હાલમાં તેમને કોઈ ઉપર શક વહેમ નથી. તેમના છોકરાને ગઈ કાલે સાંજના છ એક વાગે અંબાજી ભોજનાલય આગળ માર મારેલ છે. ફરિયાદી તેમના છોકરાની લાશ જોઈ પોતાના ઘરે ગયેલ અને તેમના કુટુંબી તેમજ સમાજના માણસો ભેગા કરી ઉપર મુજબની વાત કરી અંબાજી પોલીસ સ્ટેશનના પી.આઈ. રૂબરૂ આવી પોતાની ફરિયાદ હકીકત નોંધાવેલ.

(૩) બાદ સદર ફરિયાદ પ્રવિણપુરી શંકરપુરી ગૌસ્વામી, પી.આઈ. અંબાજી પો.સ્ટે. નાઓએ ફરિયાદીના લખાવ્યા મુજબ લખી લઈ, ફરિયાદ આધારે અંબાજી પો.સ્ટે. ફસ્ટ ગુના રજી. નં. ૧/૨૦૧૬, ઈ.પી.કોડની કલમ ૩૦૨ બી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ ગુનો રજીસ્ટર કરી તપાસ તેઓએ જાતે સંભાળી લીધેલ. તેઓએ હોસ્પિટલ જઈ મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું પંચોની હાજરીમાં કરેલ, મેડીકલ ઓફીસર, સીવીલ હોસ્પિટલ અંબાજીને મરણજનારનું પી.એમ. કરી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ આપવા યાદી કરેલ, લાશનો કબજો મરણજનારના પિતાને સોંપેલો. ત્યાર બાદ ગુનાવાળી જગ્યાનું પંચોની હાજરીમાં પંચનામું કરેલ અને ત્યાંથી લોહીના નમુના તેમજ કંન્ટ્રોલ સેમ્પલ લીધેલ. પી.એસ.ઓ. એ મરણજનારના બનાવ વખતે પહેરેલા કપડાં કબજે કરેલા. ગુનાના કામે બનાવવાળી જગ્યાની આજુબાજુના સાહેદોના નિવેદનો નોંધેલ. સરહદ છાપરી જઈ લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલ. બાતમીદાર ધ્વારા તેઓને હકીકત મળતાં વિરમવેરી ના ભીમા કુલાભાઈ તથા નાનજીભાઈ ગોવાભાઈ નાઓ આ બનાવમાં સંડોવાયેલ હોવાની બાતમી મળતાં વિરમવેરી ગામે જઈ

બંન્નેના ઘરે તપાસ કરતાં ઘરે હાજર નહી મળતાં કુલાભાઈની આ બાબતે પુછપરછ કરેલી. તા. ૪/૦૨/૧૬ ના રોજ કુલાભાઈ બંન્ને આરોપીઓને પોલીસ સ્ટેશન લાવી રજુ કરતાં, તેઓની પુછપરછ કરતાં ગુનો કર્યા અંગેની કબુલાત કરતાં, તેઓના વિરૂધ્ધ અટક કરવા જેટલો પુરાવો મળતાં ગુનાના કામે અટક કરેલ. બનાવવાળી જગ્યા અંગે આરોપીઓ સ્વેચ્છાએ જગ્યા બતાવવા માંગતા હોય બે પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાએ જઈ પંચનામું કરેલ. ત્યાર બાદ તેઓ રજા ઉપર જતાં આગળની તપાસ પી.એસ.આઈ. પટેલને સોંપેલી. પી.એસ.આઈ. પટેલે આરોપીઓના કપડાં કબજે કર્યાનું પંચનામું કરેલ તેમજ હથિયાર કબજે કર્યાનું પંચનામું કરેલ. ત્યાર બાદ પી.આઈ. શ્રી અંબાજી હાજર રજા ઉપરથી હાજર થતાં આગળની તપાસ સંભાળી પી.એમ. નોટ મેળવેલ, મુદ્દામાલ એફ.એસ.એલ. માં રવાનગી નોંધ બનાવી તપાસ અર્થે મોકલવાની તજવીજ કરેલ. સી.ડી.આર. અને એસ.ડી.આર. ની માહીતી મંગાવેલ અને કોલ ડીટેલ મેળવી સામેલ રાખેલ. ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા યાદી કરેલ. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય દાંતાના મે. જયુડી.મેજી.ફ.ક. શ્રીની કોર્ટમાં ચાર્જશીટ કરતાં, જે ક્રિ.કેસ નં. ૩૭૯/૨૦૧૬ થી નોંધાયેલ. ત્યાર બાદ દાંતાના વિ. જયુડી.મેજી.ફ.ક. શ્રી નાઓએ આરોપીઓ સામેનો કેસ સેસન્સ ટ્રાએબલ હોય તા. ૭/૦૪/૨૦૧૬ ના રોજ કમીટ કરી અત્રેની સેસન્સ અદાલતમાં મોકલી આપતાં, જે સેસન્સ કેસ નં. ૧૯/૨૦૧૬ થી નોંધવામાં આવેલ. ત્યાર બાદ સેસન્સ કેસ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ.

(૪) આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપી, તેમની સામે પ્રથમદર્શનીય કેસ હોઈ મારી અગાઉના વિ. ન્યાયાધીશશ્રીએ **ક્રિ.પ્રો. કોડની કલમ ૨૨૮** અન્વયે આરોપીઓ સામે **આંક. ૧૧** થી ઈ.પી.કોડ ની કલમ ૩૦૨ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનું ત્હોમતનામું ફરમાવેલું. જે ત્હોમતનામાની વિગતો આરોપીઓને વાંચી સમજાવતાં આરોપીઓએ ગુનો કરેલાનો ઈન્કાર કરેલ, જે મતલબનું આરોપીઓનું **આંક. ૧૨** અને **આંક. ૧૩** લગત નિવેદન લેવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીઓ સામેના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે પ્રોસીકયુશન તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો :–**

| ક્રમ | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧. | પંચ અમરાભાઈ હીરાભાઈ પુસરની જુબાની (મરણોત્તર પંચનામાના પંચ) | ૧૮ |
| ૨. | પંચ કરશનભાઈ દુરાભાઈ પુસરની જુબાની (મરણોત્તર પંચનામાના પંચ) | ૨૦ |
| ૩. | પંચ નાથાભાઈ બદાભાઈ ડુંગાઈચાની જુબાની (મરનારની લાશ ઉપરના કપડાં કબજે કર્યાના પંચનામાના પંચ) | ૨૨ |
| ૪. | પંચ હાંજાભાઈ ધુળાભાઈ અંગારીની જુબાની (ગુનાવાળી જગ્યાના પંચ) | ૨૮ |

| | | |
|---|---|---|
| ૫. | પંચ દેવાભાઈ ઘુળાભાઈ મકવાણાની જુબાની (મરનારની લાશ ઉપરના કપડાં કબજે કર્યાના પંચનામાના પંચ) | ૩૬ |
| ૬. | ફરિયાદી અરજણભાઈ જલાભાઈ કોદરવીની જુબાની | ૩૯ |
| ૭. | પંચ ભુરાભાઈ વેલાભાઈ કોદરવીની જુબાની (ગુનાવાળી જગ્યાના પંચ) | ૪૨ |
| ૮. | પંચ નોપાભાઈ દેવાભાઈ ડુંગાઈચાની જુબાની (આરોપીઓની શરીરસ્થિતિનાપંચનામાના પંચ) | ૪૩ |
| ૯. | પંચ ગોવાભાઈ શકરાભાઈ પરમારની જુબાની (આરોપીઓએ બતાવેલ જગ્યાના પંચનામાના પંચ) | ૪૫ |
| ૧૦. | પંચ ભાણાભાઈ સોમાભાઈ ગમારાની જુબાની (આરોપીઓએ બતાવેલ જગ્યાના પંચનામાના પંચ) | ૪૭ |
| ૧૧. | પંચ થાવરાભાઈ ભેરાભાઈ પરમારની જુબાની (આરોપીઓની શરીરસ્થિતિનાપંચનામાના પંચ) | ૪૮ |
| ૧૨. | પંચ દેવાભાઈ રામાભાઈ કોદરવીની જુબાની (બાબુભાઈ ઘુડાભાઈ કોદરવીના શરીરે પહેરેલ કપડાં કબજે લીધાના પંચનામાના પંચ) | ૫૦ |
| ૧૩. | પંચ લાડુરાભાઈ રઘાભાઈ ડુંગાઈચાની જુબાની (આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવ્યાના પંચ) | ૫૬ |
| ૧૪. | પંચ બાબુભાઈ અનાભાઈ સોલંકીની જુબાની (આરોપીઓએ પહેરેલ કપડાં કબજે કર્યાના પંચનામાના પંચ) | ૫૮ |
| ૧૫. | પંચ સાબુભાઈ માનાભાઈ પરમારની જુબાની (આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવ્યાના પંચ) | ૬૮ |
| ૧૬. | પંચ પુનમસીંગ બાલુસીંગ રાજપુતની જુબાની (મુદ્દામાલ છરી કબજે કર્યાના પંચનામાના પંચ) | ૬૯ |
| ૧૭. | પંચ રાજુભાઈ ગલબાભાઈ માજીરાણાની જુબાની (મુદ્દામાલ છરી કબજે કર્યાના પંચનામાના પંચ) | ૭૪ |
| ૧૮. | પંચ શકુરાભાઈ લુમ્બરાભાઈ પરમારની જુબાની (આરોપીઓએ પહેરેલ કપડાં કબજે કર્યાના પંચનામાના પંચ) | ૭૫ |
| ૧૯. | સાહેદ લીલાબેન રમેશભાઈ કોદરવીની જુબાની (મરનારની પત્ની) | ૭૬ |

| | | |
|---|---|---|
| ૨૦. | સાહેદ રંગલીબેન અરજણભાઈ કોદરવીની જુબાની (મરનારની માતા) | ૭૭ |
| ૨૧. | સાહેદ રાજુભાઈ અરજણભાઈ કોદરવીની જુબાની (મરનારના ભાઈ) | ૭૮ |
| ૨૨. | સાહેદ કાળુભાઈ લાડુભાઈ ચૌહાણની જુબાની (સ્વતંત્ર સાહેદ) | ૭૯ |
| ૨૩. | ડોકટર કમલેશકુમાર કાન્તીભાઈ પ્રજાપતિની જુબાની (મરનારની લાશનું પી.એમ. કરનાર) | ૮૧ |
| ૨૪. | સાહેદ બાબુભાઈ ધુળાભાઈ કોદરવીની જુબાની (મરનારના પિતરાઈ ભાઈ) | ૮૪ |
| ૨૫. | ત.ક.અધિકારી નીકુંજકુમાર રામાભાઈ પટેલની જુબાની | ૮૫ |
| ૨૬. | ત.ક.અધિકારી પ્રવિણપુરી શંકરપુરી ગૌસ્વામીની જુબાની | ૮૬ |

## –:: દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | મરણોત્તર પંચનામું | ૧૯ |
| ૨. | મરનારની લાશ ઉપરના કપડાં કબજે કર્યાનું પંચનામું | ૨૩ |
| ૩. | પંચોની સહી વાળી કાપલીઓ | ૨૪ થી ૨૬ |
| ૪. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૯ |
| ૫. | પંચોની સહી વાળી કાપલીઓ | ૩૦ થી ૩૫ |
| ૬. | ફરિયાદ | ૪૦ |
| ૭. | મરનારની લાશ સોંપ્યાની પાવતી | ૪૧ |
| ૮. | આરોપીઓની શરીરસ્થિતિનુ પંચનામું | ૪૪ |
| ૯. | આરોપીઓએ બતાવેલ જગ્યાનું પંચનામું | ૪૬ |
| ૧૦. | બાબુભાઈ ધુડાભાઈ કોદરવીના શરીરે પહેરેલ કપડાં કબજે લીધાનું પંચનામું | ૫૧ |
| ૧૧. | પંચોની સહી વાળી કાપલીઓ | ૫૨ થી ૫૫ |
| ૧૨. | આરોપીઓએ બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૫૭ |
| ૧૩. | આરોપીએ પહેરલ કપડાં કબજે કર્યાનું પંચનામું | ૫૯ |
| ૧૪. | પંચોની સહી વાળી કાપલીઓ | ૬૦ થી ૬૭ |
| ૧૫. | પંચોની સહી વાળી કાપલીઓ | ૭૦ ,૭૧ |
| ૧૬ | મુદ્દામાલ છરી કબજે કર્યાનું પંચનામું | ૭૨ |

| | | |
|---|---|---|
| ૧૭. | પી.એમ. નોટ | ૮૨ |
| ૧૮. | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૮૩ |
| ૧૯. | સુચીપત્ર | ૮૭ |
| ૨૦. | ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ | ૮૮ |
| ૨૧. | પી.એમ. માટે લીશની સાથે મે.ઓ. ને મોકલવાનો પોલીસ રીપોર્ટ | ૮૯ |
| ૨૨. | એકઝી.મેજી. ને લાશનું ઈન્કવેસ્ટ ભરવા પધારવા કરેલ યાદી | ૯૦,૯૧ |
| ૨૩. | ફરતી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનો અહેવાલ | ૯૨ |
| ૨૪. | નાનજીભા ગોવાભાઈનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ | ૯૩ |
| ૨૫. | પરમાર ભીમાભાઈ કુલાભાઈનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | ૯૪ |
| ૨૬. | પરમાર નાનાભાઈ ગોવાભાઈ ડાભીનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | ૯૫ |
| ૨૭. | એફ.આઈ.આર.માં કલમ ઉમેરો કરવાનો રીપર્ટ | ૯૬ |
| ૨૮. | આરોપીઓની મેડીકલ તપાસણી કરવા બાબતેની યાદી | ૯૭ |
| ૨૯. | રવાનગી યાદી | ૯૮ |
| ૩૦. | એફ.એસ.એલ. નો પત્ર | ૯૯ |
| ૩૧. | ગુનાવાળી નકશો બનાવવા બાબતે કરેલ યાદી | ૧૦૦ |
| ૩૨. | સી.ડી.આર. ની માહીતી મંગાવવા બાબતેનો પરફોર્મો | ૧૦૧ |
| ૩૩. | કોલ ડીટેલ | ૧૦૨ |
| ૩૪. | એફ.એસ.એલ. અમદાવાદનો પત્ર | ૧૦૩ |
| ૩૫. | એફ.એસ.એલ. અમદાવાદનો અહેવાલ | ૧૦૪ |
| ૩૬. | સીરોલોજીકલ વિભાગનો રીપોર્ટ | ૧૦૫ |

(૬) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ પ્રોસીકયુશન તરફે **આંક. ૧૦૭** થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતાં, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો છે.

(૭) **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૧** હેઠળ ફરીયાદપક્ષનો પુરાવો આરોપીઓની રૂબરૂમાં અને સાંભળતા નોંધવામાં આવેલ

છે અને ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીઓનું **ક્રિ.પ્રો. કોડ કલમ ૩૧૩** મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલુ છે. જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને ખોટું ચાર્જશીટ કરેલ છે તેમ જણાવેલ છે. આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે કોઈ બચાવના સાહેદો તપાસેલા નથી, કે આરોપીઓ તરફે કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ કરવામાં આવેલો નથી.

(૮) ત્યારબાદ **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૪** હેઠળ ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન.એમ. જોષીએ સરકાર તરફે એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે સાહેદો તપાસી તહોમતદારો વિરૂધ્ધ નિ:શંક પણે પોતાનો કેસ પુરવાર કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે હાલના કામે બાબુભાઈ ધુળાભાઈ કોદરવી એ એક માત્ર નજરે જોનાર સાહેદ છે, જેમણે આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે, અને તેઓ હિત ધરાવનાર સાહેદ નથી. તેમજ મરનારના માતા, પિતા, પત્ની તથા ભાઈનો પુરાવો જોતાં તેમના પુરાવાને મેડીકલ પુરાવાથી સમર્થન મળે છે. જેથી આરોપીઓને સખ્ત સજા કરવા રજુઆત કરેલ છે.

જયારે આરોપીઓ તરફે વકીલ શ્રી આર.આર. પરમારે **આંક. ૧૦૮** થી લેખિત દલીલો રજુ કરી તેમાં લખ્યા મુજબની રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે ફરિયાદીને બનાવ અંગે કોઈ જાત માહિતી નથી અને તેમના દિકરા રમેશને કોણે માર્યો તેની તેમને ખબર નથી. ફરિયાદીએ કોર્ટ રૂબરૂ આરોપીઓને ઓળખી બતાવેલ નથી. મરનારની માતા કે ભાઈ પણ આરીપીઓને ઓળખી બતાવતા નથી. પંચનામાના પંચ સાહેદો પણ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી.

પી.એમ. કરનાર ડોકટરશ્રીએ મૃત્યુના સમય અંગે કોઈ અભિપ્રાય આપેલ નથી. બનાવને નજરે જોનાર કોઈ ઠોસ પુરાવો નથી. સી.સી.ટી.વી. કેમેરા કેસેટ પણ રજુ કરેલ નથી. સાહેદ બાબુભાઈ ધુળાભાઈ કોદરવીનો પુરાવો જોતાં તે ઉભા કરાયેલ સાહેદ હોવાનું જણાય આવે છે, તેમને બનાવમાં ઈજા થયાનુ પોતાના પુરાવામાં જણાવે છે પરંતુ કોઈ મેડીકલ સર્ટીફીકેટ ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ નથી. તેમજ મરનારના સગા મરનાર આ સાહેદ સાથે અંબાજી ગયેલ તેવો કોઈ પુરાવો આપતા નથી. તે સંજોગોમાં બનાવ સ્થળે તેમની હાજરી શંકાસ્પદ જણાય છે. બનાવ જાહેર રોડ ઉપર બનેલ છે અને ફરિયાદપક્ષે કોઈ ઠોસ પુરાવો ન હોઈ આરોપીઓ સામે પ્રથમ દર્શનીય કેસ ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૯) આ કામે મારે નિર્ણય માટે નીચે જણાવ્યા પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદપક્ષ એમ નિ:શંક પણે પુરવાર કરે છે કે, મરણ જનાર રમેશભાઈ અરજણભાઈ કોદરવી નું મૃત્યુ હોમીસાઈડલ ડેથ હતુ ?

**૨.** શું ફરિયાદ પક્ષ એમ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા. ૧૪/૦૧/૧૬ ના કલાક ૧૮–૦૦ વાગ્યા ના સુમારે અંબાજી બજારમાં ગ્રામ પંચાયત પાસે મરનાર રમેશભાઈ ચાલતાં ચાલતાં આરોપીઓ સાથે અથડાયેલ

તે બાબતે આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ મરનારનું ખૂન કરવાના ઈરાદે, આરોપી નં. ૨ નાએ મરનારને પકડી રાખી, આરોપી નં. ૧ નાએ મરનારને છાતીના ભાગે તીક્ષ્ણ ધારદાર અને જીવલેણ છરીથી ઈજાઓ કરી મરનારનું મૃત્યું નિપજાવી અને તેમ કરવામાં બંન્ને આરોપીઓએ એકબીજાએ મદદગારી કરી ઈ.પી.કોડની કલમ ૩૦૨ સાથે વાંચતા કલમ ૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

૩. શું ફરિયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે બનાવ તારીખ, સમય અને સ્થળે આરોપી નં. ૧ નાએ જાહેરમાં છરી ધારણ કરી મે. જિલ્લા મેજી. શ્રીના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૪. શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દા પરત્વે ના મારા નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. હકારમાં,

૨. નકારમાં,

૩. નકારમાં,

૪. આખરી હુકમ મુજબ.

(૧૧) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે પ્રમાણે છે.

## -:: **કા ર ણો** ::-

**મુદ્દા નં. ૧** :-

**(૧૨)** હવે આ કામે આ મુદ્દાના અનુસંધાનમાં પ્રોસીકયુશન તરફથી રજુ કરવામાં આવેલા પુરાવાઓ જોઈએ તો, ફરિયાદપક્ષે ડોકટર કમલેશકુમાર કાન્તીભાઈ પ્રજાપતિને સાહેદ નં. ૨૩ (આંક-૮૧) થી તપાસવામાં આવેલ છે. તેમના પુરાવા મુજબ તા. ૧૫/૦૧/૧૬ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે અંબાજી જનરલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે મરણજારની લાશ પી.એમ. સારૂ ઈન્કવેસ્ટ પંચનામા સાથે હે.કો. લઈને આવેલ. જે લાશ મરણજનારના પિતા અરજણભાઈએ ઓળખી બતાવેલ, અને તા. ૧૫/૦૧/૧૬ ના કલાક ૨-૦૦ થી ૩-૦૦ સુધી તેમને લાશનું પી.એમ. કરેલ. આ સાહેદના પુરાવામાં આંક-૮૨ થી મરનારની પી.એમ. નોટ રજુ થયેલ છે. સાહેદનો પુરાવો જોતાં શબની છાતી પર ડાબી બાજુ નીપ્પલથી ૭ સે.મી. નીચે અને ૪ સે.મી. મેડીયલ સાઈડમાં સાર્પ ઈન્સાઈજ ઘા જેનું માપ ૫ × ૧.૫ × ૧૨ સે.મી. હતું. તેમજ લાશની ડાબી બાજુ છાતીની છઠ્ઠા નંબરની પાંસળી સ્ટર્નમ જોડે ફ્રેકચર થયેલ હતું. આ બાહય ઈજાઓને આનુસંગિક આંતરીક ઈજાઓમાં હોજરીના ભાગે ૫ × ૩ સે.મી. જેટલો ચીરો હતો, તથા લીવરના ભાગે ૫ × ૦.૫ × ૮ સે.મી. ઉંડો સાર્પ કટ ઘા હતો. ડોકટર સાહેદના અભિપ્રાય મુજબ મરનારનું મૃત્યુ કાર્ડીયો રેસ્પોરેટરી એરેસ્ટ ડયુ ટુ હેમરેજીક શોક જે લીવર અને હોજરીની ઈજા થવાના કારણે થયેલુ હતું. આ સાહેદના પુરાવા મુજબ આંક-૮૨ ની પી.એમ. નોટમાં જે ઈજાઓ દર્શાવેલ

છે તેવી ઈજાઓ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧ વાળા ચકકુ થી થઈ શકે. આ સાહેદની આરોપીના વિ.વકીલશ્રી તરફે કરેલ ઉલટ તપાસ જોતાં મરનારનું મૃત્યુ થયેલ ઈજાઓના કારણે થયેલ નથી તેવુ કાંઈ રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૩) ફરિયાદપક્ષે સાહેદ નં. ૧ (આંક–૧૮) થી અમરાભાઈ હીરાભાઈ પુસર તથા સાહેદ નં. ૨ ૨(આંક–૨૦) થી કસનાભાઈ દુરાભાઈ પુસર કે જે બંન્ને ઈન્કવેસ્ટ પંચનામાના પંચ છે, તેમને તપાસવામાં આવેલ છે. જેઓ બંન્નેને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. પરંતુ તેમના પુરાવામાં આંક–૧૯ થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ થયેલ છે જેમાં બંન્ને પંચોએ પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. આ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતો જોતાં મરનારને ડાબા ભાગે હૃદયની પાંસળીઓ વચ્ચે આશરે ૫ × ૨ સે.મી. જેટલો ઘા થયેલ હોવાનો ઉલ્લેખ છે.

(૧૪) ફરિયાદપક્ષનો ઉપરોકત પુરાવો જોતાં મરણ જનારનુ મૃત્યુ કુદરતી રીતે થયેલ હોવાનું જણાતુ નથી પરંતુ થયેલ ઈજાઓને કારણે મૃત્યુ થયેલાનું જણાય છે તે સંજોગોમાં મરણ જનાર નું મૃત્યુ હોમીસાઈડલ ડેથ હોવાનું માનુ છું અને તેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપુ છું.

**<u>મુદ્દા નં. ૨ અને ૩ :–</u>**

(૧૫) ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય હકીકતોનું પુનરાવર્તન ટાળવા સારૂ બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવે છે.

(૧૬) ફરિયાદપક્ષે મરનારના પિતા અરજણભાઈ જલાભાઈ કોદરવીને સાહેદ નં. ૬ (આંક–૪૯) થી તપાસેલ છે. જેમના પુરાવામાં આંક–૪૦ થી ફરિયાદ રજુ થયેલ છે. તેમના પુરાવા મુજબ બનાવના દિવસે તેમનો દિકરો રમેશ અંબાજી મજુરી કામે ગયેલ અને તે સાંજના ઘરે આવેલ નહી. રમેશ સાથે એક નાનો છોકરો હતો તેને પુછતાં રમેશને કંઈક ઝગડો થયેલ હોવાનું જાણવા મળેલ, જેથી તેઓ અંબાજી ગયેલ. જયાં તેમને વાત મળેલ કે તેમના દિકરાને દવાખાને લઈ ગયેલ છે તેથી દવાખાને જતાં ત્યાં તેમનો દિકરો મરણ પામેલ હતો. જેને છાતીના નીચેના ભાગે ઈજા હતી અને ત્યાંથી લોહી નીકળતું હતું. આ સાહેદના પુરાવા મુજબ તેમણે લાશ જોઈ ત્યારે તેમને કોઈના ઉપર વહેમ ગયેલો નહી પરંતુ અંબાજી ગામે બજાર વચ્ચે મારેલાનું જણાવે છે. વધુમાં બનાવના ૧૮ દિવસ પછી તેમને જાણવા મળેલ કે તેમના દિકરાને મારનાર પાડલીયા ગામના ઈસમો હતા. જેમના નામની તેમને ખબર નથી. આ સાહેદના પુરાવા મુજબ તેમણે આરોપીઓને જોયેલા ન હોય તેમને ઓળખી શકે નહી, તેમજ પોલીસ પણ કોઈ જગ્યાએ તેમને સ્થળ જોવા લઈ ગયેલ હોય તેમ બનેલ ન હોવાનું જણાવે છે.

આ સાહેદની ઉલટ તપાસમાં તેઓ કબુલ રાખે છે કે જે દિવસે બનાવ બન્યો ત્યારે ઉતરાયણ હતી અને બનાવવાળી જગ્યા એ લોકોની અવર જવર વાળો વિસ્તાર હતો, તેમજ બનાવ નજરે જોયેલ ન હોવાનું પણ જણાવે છે.

(૧૭) ફરિયાદપક્ષે મરનારના પત્ની લીલાબેન રમેશભાઈ કોદરવીને સાહેદ નં. ૧૯ (આંક–૭૬), તથા મરનારના માતા રંગીલીબેન અરજણભાઈ

કોદરવી ને સાહેદ નં. ૨૦ (આંક–૭૭), તથા મરનારના ભાઈ રાજુભાઈ અરજણભાઈ કોદરવી ને સાહેદ નં. ૨૧ (આંક–૭૮) થી તપાસવામાં આવેલ છે. આ તમામ સાહેદોનો પુરાવો જોતાં તેઓ બનાવના નજરે જોનાર સાહેદ નથી પરંતુ વાતોવાતથી મરણજનારને અંબાજીમાં ઝગડો થયેલાનું જાણવા મળેલાનું તેમના પુરાવામાં જણાવે છે. મરનારના પત્ની સાહેદ નં. ૧૯ ના પુરાવા મુજબ હાલના આરોપીઓએ તેમના પતિને મારી નાખેલાનું પાછળથી તેમને જાણવા મળેલ પરંતુ તેઓ તેમને ઓળખતા ન હોવાનું જણાવે છે. તેવી જ રીતે મરનારના માતા સાહેદ નં. ૨૦ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે પરંતુ ઉલટ તપાસમાં આરોપીઓને તેઓએ કોર્ટ રૂબરૂ સૌપ્રથમ વખત જોયેલાનું જણાવે છે. સાહેદ નં. ૨૧ મરનારના ભાઈના પુરાવા મુજબ તેઓ બંન્ને આરોપીઓને કોર્ટમાં ઓળખી બતાવે છે પરંતુ તેઓ બનાવના સાહેદ નથી કે બનાવ નજરે જોયેલ નથી, તેમજ આ બંન્ને આરોપીઓને તેમના ભાઈ સાથે શી બાબતે ઝગડો થયેલ તેની ખબર ન હોવાનું જણાવે છે.

(૧૮) આ કામે ફરિયાદીનો પુરાવો જોતાં તેમના દિકરાને મારનાર પાડલીયા ગામના ઈસમો હતા, જયારે હાલના આરોપીઓ આ ગામના રહેવાસી નથી. તદૃઉપરાંત હાલના આરોપીઓને સાંકળતો કોઈ પુરાવો ફરિયાદી કે મરનારના માતા, પત્ની અને ભાઈ આપતા નથી.

(૧૯) હાલના કામે ફરિયાદપક્ષે સાહેદ નં. ૨૨ (આંક–૭૯) થી સાહેદ કાળુભાઈ લાલુભાઈ ચૌહાણને તપાસેલ છે. જેમને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેમના પુરાવા મુજબ તેઓ મરનારને ઓળખતા હતા

પરંતુ મરનારને કોણે મારેલ તે તેમને ખબર ન હોવાનું તથા બનાવના દિવસે પોતે અંબાજી ગયેલ ન હોવાનું જણાવે છે.

(૨૦) હાલના કેસમાં ફરિયાદપક્ષ સાહેદ નં. ૨૪ (આંક–૮૪) થી તપાસેલ બનાવના એક માત્ર નજરે જોનાર સાહેદ બાબુભાઈ ધુળાભાઈ કોદરવીના પુરાવા ઉપર આધાર રાખે છે. આ સાહેદનો પુરાવો જોતાં મરનાર તેમના કાકાનો દિકરો થતો હોવાનું જણાવે છે, અને બનાવના દિવસે તેઓ મરનાર રમેશભાઈ સાથે અંબાજી ગયેલ હોવાનું તથા રમેશને બે માણસો સાથે ઝગડો થયેલ, જેઓ પાડીયાના પરમાર હતા અને તેમના નામની ખબર ન હોવાનું જણાવે છે. વધુમાં આ પરમારે તેમને પથરો મારેલો જે સાહેદને આંખના ડોઘા ઉપર વાગતાં તેઓ પડી ગયેલા. આ લોકો રમેશભાઈની પાછળ પડેલા અને રમેશભાઈને છરી મારેલી. છરી કઈ જગ્યાએ મારેલી તે તેમને ખબર ન હોવાનું જણાવે છે. ત્યાર બાદ તેઓ બેઠા થઈ ગામની ગાડી ભરાય છે ત્યાંથી પોતાના ઘરે જતા રહેલ હોવાનું જણાવે છે. આ સાહેદ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે અને રમેશભાઈની પાછળ આ આરોપીઓ દોડેલ હોવાનું જણાવે છે.

આ સાહેદની ઉલટ તપાસમાં બનાવના દિવસે અંબાજી મુકામે આજુબાજુના ગામના લોકો ભેગા થયેલ હોવાનું તથા તેમની સાથે કાળુ લાડુ, લાલા લાડુ અને દિનેશ નારણ હોવાનું જણાવે છે. તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે બનાવ બન્યો તે પહેલાં રમેશને ઉમેશ જે જેતવાસ ગામનો છે તેની સાથે ઝગડો થયેલ.

જેને નરસા મુગળાએ ચઢાવેલ.

સાહેદનો ઉપરોકત પુરાવો જોતાં મરનાર સાહેદના કાકાના દિકરા છે તેમ છતાં બનાવમાં મરનારને છરી વાગતાં જોઈ તેમને કોઈ બચાવવા પ્રયત્ન કરેલ હોય તેમ જણાતું નથી. ઉલ્ટાનું તેઓ બનાવવાળા સ્થળેથી બનાવ જોઈ પોતાના ઘરે જતા રહેલ હોવાનું જણાય છે. સાહેદનું આ વર્તન કુદરતી જણાતું નથી. વધુમાં તેમના પુરાવા મુજબ આરોપીઓ પાડીયાના પરમાર હતા, પરંતુ હાલના આરોપીઓ પાડીયા ગામના રહેવાસી ન હોવાનું જણાય આવે છે. વધુમાં આ સાહેદે મરનારના માતા, પિતા, ભાઈ કે અન્ય સગાઓને પોતે બનાવ નજરે જોયેલ હોવાની કોઈ હકીકત જણાવેલ નથી. આરોપીઓને કોર્ટમાં ઓળખી બતાવે છે પરંતુ આરોપીઓએ કેવી રીતે અને કયા કારણોસર મરનારને ચપ્પુ મારેલ તે સંબંધે કોઈ પુરાવો આપતા નથી. વધુમાં બનાવમાં પોતાને આંખના ડોઘા ઉપર ઈજા થયેલાનું જણાવે છે પરંતુ તેમનું સારવારનું પ્રમાણપત્ર હાલના કામે રજુ થયેલ નથી. વધુમાં મરનારને એક ઉમેશ જે જેતવાસનો રહેવાસી છે તેની સાથે ઝગડો થયેલ હોવાનો આ સાહેદ પુરાવો આપે છે. પરંતુ આ ઉમેશ નામના ઈસમ સંબંધે ત.ક.અધિકારીએ કોઈ તપાસ કરેલ હોય તેવુ જણાતું નથી. વધુમાં સાહેદ નં. ૨૪ બાબુભાઈ ના કપડાં કબજે કર્યાનું પંચનામું આંક–૫૧ થી સાહેદ નં. ૧૨ (આંક–૫૦) દેવાભાઈ રામાભાઈ કોદરવી/પંચ સાહેદના પુરાવાથી રજુ થયેલ છે . આ સાહેદનું પેન્ટ અને શર્ટ ત.ક. અધિકારી તરફે કરજે લેવામાં આવેલ જેને માર્ક–ઈ અને એફ આપવામાં આવેલ. જે સંબંધે એફ.એસ.એલ. નો આંક–૧૦૫ નો અહેવાલ જોતાં આ કપડાં પર ''ઓ'' ગ્રુપનું રૂધિર જુથ

મળી આવેલ. પરંતુ આ રૂધિર જુથ કોનું હતું તે ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

વધુમાં ફરિયાદપક્ષે આરોપીઓએ ગુનાના કામે વાપરેલ છરી કબજે કર્યાનું પંચનામું આંક–૭૨ થી રજુ થયેલ છે, જે પંચનામાના પંચ સાહેદ નં ૧૬ (આંક–૬૯) પુનમસીંગ બાલુસીંગ રાજપુત તથા પંચ સાહેદ નં. ૧૭ (આંક–૭૪) રાજુભાઈ ગલબાભાઈ માજીરાણાને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આમ હથિયાર કબજે કર્યાનું પંચનામું ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. તેમજ આ હથિયાર એફ.એસ.એલ. માં મોકલાવેલ જેનો રીપોર્ટ આંક–૧૦૪ થી રજુ થયેલ છે, પરંતુ તે આર્ટીકલ ''કે'' છરી પર કોઈ રુધિરની હાજરી મળેલ ન હોવાનું જણાય આવે છે.

**(૨૧)** અગાઉ ચર્ચા કરી તે મુજબ નજરે જોનાર સાહેદ નં. ૨૪ બાબુભાઈ સાથે બનાવના દિવસે અન્ય ત્રણ ઈસમો નામે કાળુભાઈ લાડુભાઈ, લાલાભાઈ લાડુભાઈ તથા દિનેશભાઈ નારાણભાઈ હોવાનું જણાવે છે. પરંતુ કાળુભાઈ લાડુભાઈ તેમને ફરિયાદપક્ષે સાહેદ નં. ૨૨ (આંક–૭૯) થી તપાસેલ છે, તેઓ આ સંબંધે કોઈ પુરાવો આપતા નથી. તેમજ બનાવ જાહેર રોડ ઉપર સાંજના છ વાગે બનેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી.

**(૨૨)** નામદાર સુપ્રિમકોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટ ધ્વારા કાયદાકીય સિધ્ધાંત પ્રસ્થાતિ થયેલ છે કે બનાવ સંબંધે જો એક જ નજરે જોનાર સાહેદ હોય

અને તે સાહેદનો પુરાવો વિશ્વસનિય અને ભરોસાપાત્ર જણાય તો ફકત તે સાહેદના પુરાવાના આધારે પણ આરોપીઓને દોષિત ઠરાવી શકાય. પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ નજરે જોનાર સાહેદ બાબુભાઈ ઘુળાભાઈ નો પુરાવો જોતાં પોતે મરનારના ભાઈ હોવા છતાં બનાવ બાદ ગાડીમાં બેસીને જતા રહેલ છે, બનાવ સંબંધે મરનારના માતા પિતા, ભાઈ કે પત્નીને કોઈ જાણ કરેલ નથી, સાહેદ જણાવે છે તેવી ઈજા સંબંધે કોઈ મેડીકલ પ્રમાણપત્ર રજુ થયેલ નથી, તે સંજોગોમાં હાલના નજરે જોનાર સાહેદનો પુરાવો એટલો વિશ્વસનિય જણાતો નથી કે જેના આધારે આરોપીઓને દોષિત ઠરાવી શકાય. તદૃઉપરાંત ફરિયાદપક્ષ બનાવ બનવાનો શું હેતુ હતો તે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેમજ અગાઉ ચર્ચા કરી તે મુજબ બનાવ જાહેર સ્થળે બનેલ હોવા છતાં ત.ક.અધિકારી તરફે એવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવવામાં આવેલ નથી અને ફરિયાદપક્ષે તેવા કોઈ સાહેદોને હાલના કામે તપાસવામાં આવેલ નથી કે જેથી બનાવની હકીકતોને સમર્થન મળે. વધુમાં આ કામે આરોપીઓની નજરે જોનાર સાહેદ રૂબરૂ કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી. તે તમામ સંજોગોમાં હાલના નજરે જોનાર સાહેદનો પુરાવો ખુબજ શંકાસ્પદ જણાય છે. અને તે સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ શંકાથી પર રહીને ગુનો સાબિત કરી શકેલ નથી.

(૨૩) ફરિયાદપક્ષે સાહેદ નં. ૩ (આંક–૨૨) નાથાભાઈ બદાભાઈ ડુંગાઈચા તથા સાહેદ નં. ૫ (આંક–૩૬) દેવાભાઈ ઘુળાભાઈ મકવાણા કે જેઓ મરનારની લાશ ઉપરથી કપડાં કબજે કર્યાના પંચો છે તેમને તપાસવામાં

આવેલ છે. તેમના પુરાવામાં આંક–૨૩ નું પંચનામું રજુ થયેલ છે પરંતુ પંચનામાની હકીકતને તેઓએ કોઈ સમર્થન આપેલ નથી.

(૨૪) ફરિયાદપક્ષે સાહેદ નં. ૪ (આંક–૨૮) થી હાંજાભાઈ ધુળાભાઈ અંગારી તથા સાહેદ નં. ૭ (આંક–૪૨) થી ભુરાભાઈ વેલાભાઈ કોદરવી ને તપાસેલ છે. તેમના પુરાવામાં આંક–૨૯ નું ગુનાવાળી જગ્યાએથી કોટન કાપડનો ટુકડો ઘસી બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામું રજુ થયેલ છે. પરંતુ આ બંન્ને સાહેદોને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેમજ આ પંચનામામાં બનાવવાળી જગ્યા ફરિયાદી અરજણભાઈએ બતાવેલ હોવાનો ઉલ્લેખ થયેલ છે ત્યારે ફરિયાદી સાહેદ નં. ૬ નો પુરાવો જોતાં તેમને પોલીસ કોઈ જગ્યાએ સ્થળ જોવા માટે લઈ ગયેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવે છે.

(૨૫) ફરિયાદપક્ષે સાહેદ નં. ૮ (આંક–૪૩) થી નોપાભાઈ ભુરાભાઈ ડુંગાઈચા તથા સાહેદ નં. ૧૧ (આંક–૪૮) થી થાવરાભાઈ ભેરાભાઈ પરમાર કે જેઓ આરોપીઓની શરીરસ્થિતિના પંચનામાના પંચ છે તેમને તપાસેલ છે. આ બંન્ને સાહેદોના પુરાવામાં આંક–૪૪ થી આરોપીઓની શરીરસ્થિતિનુ પંચનામું રજુ થયેલ છે પરંતુ પંચનામાની હકીકતોને આ બંન્ને સાહેદોએ કોઈ સમર્થન આપેલ નથી. અને તેથી ફરિયાદપક્ષે તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે તેમજ ઉલટ તપાસમાં પણ કોઈ ફળદાયક હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૨૬) ફરિયાદપક્ષે સાહેદ નં. ૯ (આંક–૪૫) થી ગોવાભાઈ શકરાભાઈ પરમાર તથા સાહેદ નં. ૧૦ (આંક–૪૭) થી ભાણાભાઈ સોમાભાઈ

ગમારને તપાસેલ છે. જેમના પુરાવામાં આંક–૪૬ થી આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોવાનું પંચનામું રજુ થયેલ છે. પરંતુ આ બંન્ને સાહેદોને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ઉલટ તપાસમાં પણ કોઈ ફળદાયક હકીકત ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૭) ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૩ (આંક–૫૬) થી લાડુરાભાઈ રઘાભાઈ ડુંગાઈચા તથા સાહેદ નં. ૧૫ (આંક–૬૮) થી સાબુભાઈ માનાભાઈ પરમારને તપાસેલ છે. જેમના પુરાવામાં આંક–૫૭ થી આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોવાનું પંચનામું રજુ થયેલ છે. પરંતુ આ બંન્ને સાહેદોને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ઉલટ તપાસમાં પણ કોઈ ફળદાયક હકીકત ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૮) ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૪ (આંક–૫૮) થી બાબુભાઈ અનાભાઈ સોલંકી, તથા સાહેદ નં. ૧૮ (આંક–૭૫) થી શકુરાભાઈ લુમ્બરાભાઈ પરમારને તપાસેલ છે. જેઓ બંન્ને ને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આ સાહેદોના પુરાવામાં આંક–૫૯ થી આરોપીઓએ પહેરેલ કપડાં કબજે કર્યાનું પંચનામું રજુ થયેલ છે. પંરતુ તેની હકીકતો ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

(૨૯) ફરિયાદપક્ષે સાહેદ નં. ૨૫ (આંક–૮૫) થી ત.ક.અધિકારી નીકુંજકુમાર રામાભાઈ પટેલને તપાસેલ છે. જેમના પુરાવા મુજબ તેઓ અંબાજી પો.સ્ટે. માં પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે ગુનાની તપાસ

કરનાર પો.ઈન્સ. શ્રી પી.એસ. ગૌસ્વામી રજા પર જતાં આગળની તપાસ તેઓએ સંભાળી અટક કરેલ આરોપીના બનાવ સમયે પહેરે કપડાં પંચનામું કરી કબજે લીધેલ. આરોપી ભીખાભાઈ કુલાભાઈએ બનાવમાં વાપરેલ હથિયાર રજુ કરવા સ્વખુશી બતાવતા હોય પંચો સાથે તેઓના ઘરની પાછળથી પંચો રૂબરૂ પંચનામાની હકીકતે એક છરી કબજે કરેલ. પરંતુ આ કામે પંચ સાહેદોના પુરાવાથી પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું નથી અને પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલ તે સિવાય કાંઈ જાણતા નથી તેમ જણાવે છે.

(૩૦) ફરિયાદપક્ષે સાહેદ નં. ૨૬ (આંક–૮૬) થી ત.ક.અધિકારી પ્રવિણપુરી શંકરપુરી ગૌસ્વામીને તપાસેલ છે. જેમના પુરાવા મુજબ ફરિયાદીએ તેમની રૂબરૂ ફરિયાદ લખાવતાં તેઓના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લઈ ગુનો રજીસ્ટર કરી તપાસ તેઓએ જાતેથી સંભાળેલી. હોસ્પિટલમાં જઈ મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું પંચોની હાજરીમાં કરેલ, મે.ઓ. અંબાજીને મરનારની લાશનું પી.એમ. કરી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ આપવા યાદી કરેલ, બાદ લાશનો કબજો મરણજનારના પિતાને સોંપેલ. ફરિયાદી જગ્યા બતાવતા હોઈ ત્યાં જઈ પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ અને ત્યાંથી લોહીના નમુના તેમજ કંન્ટ્રોલ સેમ્પલ લીધેલ. પી.એસ.ઓ. એ મરણજનારના બનાવ વખતે પહેરેલા કપડાં પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કરેલા. બનાવવાળી જગ્યાની આજુબાજુના નિવેદનો નોંધેલા અને સરહદ છાપરી જતાં લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. બાતમીદાર ધ્વારા તેઓને હકીકત મળતાં વિરમવેરી ના ભીમા કુલાભાઈ

તથા નાનજીભાઈ ગોવાભાઈ નાઓ આ બનાવમાં સંડોવાયેલ હોવાની બાતમી મળતાં વિરમવેરી ગામે જઈ બંન્નેના ઘરે તપાસ કરતાં ઘરે હાજર નહી મળતાં કુલાભાઈ નાઓની આ બાબતે પુછપરછ કરેલી. તા. ૪/૦૨/૧૬ ના રોજ કુલાભાઈ બંન્ને આરોપીઓને પોલીસ સ્ટેશન લાવી રજુ કરતાં તેઓની પુછપરછ કરતાં ગુનો કર્યા અંગેની કબુલાત કરતાં તેઓના વિરૂધ્ધ અટક કરવા જેટલો પુરાવો મળતાં ગુનાના કામે અટક કરેલા. બનાવવાળી જગ્યા અંગે સ્વેચ્છાએ તેઓ જગ્યા બતાવવા માંગતા હોય પંચોની હાજીમાં લોકઅપમાંથી બહાર કાઢી બનાવવાળી જગ્યાએ લઈ જઈ પંચનામું કરેલ. આરોપીઓના કપડાં કબજે કર્યાનું પંચનામું કરેલ અને હથિયાર કબજે કર્યાનું પંચનામું તપાસના કામે સામેલ રાખેલ. પી.એમ. નોટ મેળવી અને મુદ્દામાલ એફ.એસ.એલ. માં રવાનગી નોંધ બનાવી તપાસ અર્થે મોકલવાની તજવીજ કરેલ, સી.ડી.આર. અને એસ.ડી.આર. ની માહીતી મંગાવેલી અને કોલ ડીટેલ મેળવી સામેલ રાખેલ, ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા યાદી કરેલ. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ.

આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ વાળી જગ્યાએ જાહેર રસ્તો, ભવાની હોટલ અને ભોજનાલય આવેલ છે. પરંતુ ફરિયાદપક્ષે તેવા કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી.

(૩૧) ફરિયાદપક્ષે જી.પી.એકટની કલમ–૧૩૫ નો ગુનો સાબિત કરવા માટે જાહેરનામાનો ભંગ થયેલ તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી કે તેવુ જાહેરનામું પણ આ કામે રજુ થયેલ નથી. તે સંજોગોમાં બનાવના

દિવસે હથિયાર બંધીનું કોઈ જાહેરનામુ અમલમાં હતું તેવી રેકર્ડ ઉપર ફરિયાદપક્ષ લાવી શકેલ નથી.

(૩૨) આમ, ઉપરોકત કરેલ ચર્ચા અન્વયે ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ નિ:શંકપણે એ હકીકત સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, આરોપીઓએ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સારૂ મરણજનારને છરી થી છાતીના ભાગે જીવલેણ ઈજા કરી મરનારનું મૃત્યુ નિપજાવેલ હોય. તે સંજોગોમાં મુદ્દા નં. ૨ અને ૩ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

૧. આ કામના આરોપી નં. ૧ ભીમાભાઈ કુલાભાઈ પરમાર, તથા આરોપી નં. ૨ નાનજીભાઈ ગોવાભાઈ પરમાર, બંન્ને રહે. વિરમવેરી, તા. દાંતા, જિ. બનાસકાંઠા નાઓને ક્રિ. પ્રો. કોડ ની કલમ ૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૩. આરોપીઓએ ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭-એ અન્વયે પ્રોસીકયુશન તરફથી અપીલ દાખલ કરવામાં આવે તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે છ માસના સમય માટે ના રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) ના લાયક જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવાનો રહેશે, તથા તેની સાથે આરોપીઓએ તેમના ધંધાનું તથા રહેણાંકનું સરનામું તેમના ફોન નંબર ની વિગતો અને કયા પોલીસ

સ્ટેશનની હકુમત માં આવેલું છે તેની વિગત સહિત પુરસીસ થી જાહેર કરવાનું રહેશે.

હુકમ આજ તા. **૩ જી** માહે **એપ્રીલ,** સને **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ : પાલનપુર
તારીખ: ૦૩/૦૪/૨૦૨૧

(રોબીન પી. મોગેરા)
છઠ્ઠા એડી. સેસન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
(કોડ નં. જી.જે. – ૧૫૩૯)

//raval//